# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

પો.બો.નં.૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ-૩૮૪૨૬૫ (ઉ.ગુ.)

ફોન : (૦૨૭૬૬) ૨૩૭૦૦૦ ફેક્સ : (૦૨૭૬૬) ૨૩૧૯૧૭

Email : regi@ngu.ac.in Website : www.ngu.ac.in

પરિપત્ર ક્રમાંક : ૬૪૨/૨૦૨૪

વિષય : સંલગ્ન કોલેજોની શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫-૨૬ ની ચાલુ જોડાણની દરખાસ્તો મંગાવવા અંગે.

આ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના જોડાણ સંદર્ભની જોગવાઈઓ અન્વયે શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫-૨૬ થી જોડાણના સાતત્યમાં ચાલુ જોડાણ માટેની અરજી સંલગ્ન કોલેજો દ્વારા તારીખ : ૩૧/૦૭/૨૦૨૪ સુધીમાં આ યુનિવર્સિટીને અચૂક મળી જાય તે રીતે નિયત નમુનાના અરજીપત્રકમાં અરજીઓ મંગાવવામાં આવે છે. નિયમોની માહિતી તેમજ જોડાણ અંગેના અરજીપત્રકના નમુના યુનિવર્સિટીની વેબસાઈટ **www.ngu.ac.in** પરથી મેળવી શકાશે. ચાલુ જોડાણની ફી ONLINE ભરીને ફી ભર્યાની રસીદ સાથે જોડાણ અરજીની હાર્ડકોપી કુલસચિવશ્રી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણને નિયત સમય તા.૧૧/૦૭/૨૦૨૪ થી તા.૩૧/૦૭/૨૦૨૪ સુધીમાં પહોંચાડવાની રહેશે. ચાલુ જોડાણ માટે ઓર્ડિનન્સ-૮૭ મુજબ જોડાણ ફી / પ્રોસેસ ફી ભરવાની રહેશે.

નિયત સમય તા.૩૧/૦૭/૨૦૨૪ સુધીમાં જોડાણ અરજી ન કરી શકનાર સંસ્થાઓની ચાલુ જોડાણની અરજીઓ તારીખ : ૧૦/૦૮/૨૦૨૪ સુધીમાં ઓર્ડિનન્સ-૮૭ મુજબ નિયત ફી + લેઈટ ફી સાથે સ્વીકારવામાં આવશે. વધુમાં તા.૧૦/૦૮/૨૦૨૪ બાદ નિયત ફી + ખાસ લેઇટ ફી સાથે દિન-૦૫ માં દરખાસ્તો સ્વીકારવામાં આવશે. ત્યારબાદ કોઈપણ સંજોગોમાં શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫-૨૬ ના ચાલુ જોડાણ માટેની જોડાણ અરજીઓ સ્વીકારી શકાશે નહી. જેની સંબંધકર્તાઓએ નોંધ લેવી.

(૧) ઓર્ડિનન્સ-૮૭ પ્રમાણે ભરેલ ચાલુ જોડાણ ફી ના નાણાં પરત મળવાપાત્ર નથી.
(૨) જોડાણ ફી ની રકમ ONLINE થી યુનિવર્સિટીના ખાતામાં.જમા કરાવવાની રહેશે.
(૩) જોડાણ અરજીની ફાઈલ ઉપર દરેક સંસ્થાએ સંસ્થાનું ઈ-મેઈલ એડ્રેસ તેમજ મોબાઈલ નંબર ફરજીયાત નોંધવાનો રહેશે.
(૪) સંલગ્ન કોલેજોએ યુનિવર્સિટી વેબસાઈટ ઉપરથી નવા ફોર્મ ડાઉનલોડ કરી શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫-૨૬ ના ચાલુ જોડાણની દરખાસ્તો મોકલવી.

**એપ્લાય કરવા માટેની વિગતવાર માહિતી :-**

➢ યુનિવર્સિટીની વેબસાઈટ **www.ngu.ac.in** પર મૂકેલ Affiliation 2025-26 પર કલીક કરવી. ત્યારબાદ એક પેજ ખૂલશે. જેમાં જરૂરી બધા જ ફોર્મ મૂકેલ છે, તેમાંથી જરૂરિયાત મુજબના ફોર્મ ડાઉનલોડ કરવા. ઓનલાઈન કરેલ ટ્રાન્જેકશનની રસીદ સાથે જરૂરી ફોર્મની વિગતો ભરીને જોડાણની દરખાસ્ત યુનિવર્સિટીમાં રજૂ કરવી.

કુલસચિવ

નં.- એકે/જોડાણ/૬૭૪૨/૨૦૨૪
તારીખ : ૧૦/૦૭/૨૦૨૪

પ્રતિ,
આ યુનિવર્સિટી સંલગ્ન તમામ વિદ્યાશાખાની કોલેજોના આચાર્યશ્રીઓ તરફ

**નકલ સાદર રવાના જાણ સારૂ :**

૧. યુનિવર્સિટીના પ્રત્યેક અનુ.વિભાગોના વડાશ્રીઓ, હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ
૨. યુનિવર્સિટીની પ્રત્યેક વહીવટી શાખાના વડાશ્રીઓ, હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ
૩. કુલપતિશ્રી / કુલસચિવશ્રીનુ કાર્યાલય, હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ
૪. યુનિવર્સિટી ગ્રંથપાલશ્રી, હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ
૫. ઈન્ચાર્જ ઓફીસરશ્રી, ખેડબ્રહ્મા કેમ્પસ, મુ.- વડાલી, જી.- સાબરકાંઠા (હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ)
૬. સિસ્ટમ એનાલિસ્ટશ્રી,કોમ્પ્યુટર સેન્ટર, હેમ.ઉ.ગુ. યુનિવર્સિટી, પાટણ (વેબસાઈટ પર મૂકવા સારૂ)
૭. સંબંધિત ફાઈલે.

# <u>હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ</u>

## શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫-૨૬ ચાલુ / વધારાના પરિપત્ર ક્રમાંક : ૪૩/૨૦૨૩, તારીખ : 03/03/૨૦૨૩ સંદર્ભે નીચેની બાબતો ધ્યાને લેવા વિનંતી

- સંસ્થાનું ફોરવડિંગ લેટર સાથે જોડાણ અંગેની ફાઈલ ફકત એક (૧) જ કોપીમાં જમા કરાવવાની રહેશે.
- યુનિવર્સિટીનું ચાલુ જોડાણ અંગેનું ફોર્મ ઓનલાઈન જોડાણ ફી સાથે રજૂ કરવાનું રહેશે અને રૂા.૧૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર નોટરી કરાવવાની રહેશે.
- ટ્રસ્ટની નોંધણીનો દાખલો રજૂ કરવાનો રહેશે.
- રૂા.૬ લાખ + રૂા.૨ લાખની એફ.ડી. રીન્યુ કરાવ્યા અંગેના ડોકયુમેન્ટ (એફ.ડી.ની નકલ સામેલ કરવાની રહેશે.)
- આગળના વર્ષની ભલામણ થઈ હોય તો સરકારશ્રીનો ભલામણનો પત્ર (જાહેરનામું સરકારશ્રીનું) રજૂ કરવાનો રહેશે.
- ઓડીટ રીપોર્ટ (છેલ્લા ત્રણ વર્ષના) રજુ કરવાના રહેશે.
- બી.એડ. / એમ.એડ. અભ્યાસક્રમમાં N.C.T.E. નો મંજુરી પત્ર રજુ કરવાનો રહેશે તેમજ બીજા અન્ય કોર્ષમાં કાઉન્સિલની મંજૂરી મેળવવી જરૂરી હોય તેનો મંજૂરી પત્ર સાથે રજૂ કરવાનો રહેશે.